# -: <u>પ્રેસનોટ</u>:-

મે અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ સા. તથા ના.પો.કમિશ્રી ઝોન-૪ સા. તથા મ.પો.કમિશ્રી “જી” ડીવિઝન સા. તથા પોલીસ ઇન્સપેકટર શ્રી એરપોર્ટ પો.સ્ટે.નાઓની સુચનાથી પો.સ્ટે વિસ્તારમાં બનેલ મિલ્કત સબંધી/વાહનચોરી ગુનાઓ શોધવા તથા અટકાવવા માટે સુચના આપેલ હોઇ જે અનુસંધાને સર્વેલન્સ સ્કોડ સ્ટાફના પો.સ.ઇ. ડી.બી.પ્રજાપતિ તથા અ.હે.કો. દિનેશકુમાર જીવાજી તથા અ.પો.કો.મહેન્દ્રસિંહ મૂળૂભા તથા અ.પો.કો.જગદીશકુમાર જયંતીભાઈ તથા અ.લો.ર.જીગરકુમાર રામજીભાઈ તથા અ.લો.ર.કેતનકુમાર ગોવિંદભાઈ નાઓ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન ગઇ તા-૨૫/૦૬/૨૦૧૯,ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર નં-૭૩/૧૯, ઇપીકો કલમ-૩૭૯,૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ હોય અને ગુનાના કામે ચોરીમાં ગયેલ એકટીવા કિ.રૂ.૪૦૦૦૦/- મતાની ચોરી થયેલ જે ચોરીમાં ગયેલ એક્ટીવા સબંધે ગુન્હા વાળી જ્ગ્યાની આજુબાજુના સી.સી.ટી.વી.કેમેરા આધારે આરોપીઓની શોધમાં રહી આ કામે આરોપીઓ (૧) પ્રકાશ S/O ભાઇચંદભાઇ કાળાજી દંતાણી ઉ.વ.૨૫ ધંધો.વેપાર (શાકભાજી) રહે. સંતોષી નગર છાપરા ભૈયાજીની ચાલી સરદાર ગ્રામ રેલ્વે સ્ટેશન સામે કુબેરનગર અમદાવાદ શહેર (૨) જીતેષ ઉર્ફે કાળીયો પ્રતાપભાઇ સોલંકી રહે ઠાકોરવાસ રાજાવીર સર્કલ પાસે કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નાઓને શોધી આરોપીઓ પાસેથી સદર ગુન્હાના કામેની એકટીવા મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે. અને સદર આરોપીઓ રીઢા અને મિલ્કત સબંધી ગુન્હાઓ કરવાની ટેવવાળા જણાયેલ છે. સદર આરોપીઓને તા.૨૬/૦૭/૨૦૧૯ ના રોજ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.





# સાબરમતી પોલીસ સ્ટેશન
# અમદાવાદ શહેર
# ફોન નંબર-૦૭૯૨૭૫૦૬૮૧૯

## <u>પ્રેસનોટ</u>

### <u>સાબરમતી વિસ્તારમાંથી પૈસા પાનાથી હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડતા કુલ આઠ ઇસમોને કુલ્લે રૂપિયા ૨૬,૭૧૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લેતી સાબરમતી પોલીસ</u>

મેં પોલીસ કમિશ્નરશ્રી સાહેબ અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-1 સાહેબ નાઓ તરફથી પ્રોહી/જુગારની બદી નેસ્ત નાબુદ કરવા સારૂ રાખેલ ડ્રાઇવ અનુસંધાને નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સાબરમતી પો.સ્ટે. પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.એચ.વાળા તથા સર્વેલન્સ પો.સ.ઇ.શ્રી ડી.જી.બડવા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સર્વેલન્સ પો.સ.ઇ.શ્રી ડી.જી.બડવા નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે અત્રે અચેર છારાનગર સધીમાતાના મંદિરની આગળ ખુલ્લી જગ્યામાં કેટલાક માણસો ગોળ કુંડાળુવળી પૈસા પાનાથી હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડે છે અને હાલમાં તેઓની પ્રવૃતી ચાલુ છે. જે હકીકત આધારે સ્ટાફના માણસો સાથે પંચો સાથે રાખી હકીકતવાળી જગ્યા જઇ રેડ કરતા કુલ ૦૮ (આઠ) ઇસમોને ઝડપી લીધેલ અને તેઓ પાસેથી જુગારના અંગજડતીના નાણા રૂપિયા ૧૫,૪૦૦/- તથા દાવના નાણા રૂપિયા ૩,૩૧૦/- તેમજ ગંજીપાના ૫૨ કિંમત્ત રૂપિયા ૦૦/૦૦ તેમજ એક મોબાઇલ ફોન કિમત્ત રૂપિયા ૮,૦૦૦/- મળી કુલ્લે રૂપિયા ૨૬,૭૧૦/- નો મુદ્દામાલ કબજે કરી પકડાયેલ તમામ ઇસમો વિરૂધ્ધ સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી નં-૩૦૮૮/૨૦૧૯ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરી જુગારનો ગાણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવેલ છે અને આગળની તપાસ ઇન્વે. પો.સબ.ઇન્સ.શ્રી બી.એન.ગુર્જર નાઓએ સંભાળે છે તા-૨૮/૦૭/૨૦૧૯